દિવ્ય ભાસ્કર
કળશ
બુધવાર
17 મે, 2017



02

બગાવત

કેટલા શહીદ થયા નહીં કેટલાને માર્યા એ પૂછો



08

ચિંતનની પળે

તું બીજાની ખીજ મારા ઉપર ઉતાર નહીં!



# ઈતિહાસમાંથી બોધ લેવાનો હોય કે તેને બદલવાનો હોય?

**તડ ને ફડ**
**નગીનદાસ સંઘવી**

**ભૂતકાળનો અભ્યાસ કરી શકાય અને તેના મૂલ્યાંકનમાં મતભેદ હોઈ શકે, પણ ભૂતકાળને ભૂંસી નાખવાનો પ્રયાસ હાસ્યાસ્પદ છે**

ઈતિહાસનો આંકડો પણ સમજવામાં તદ્દન ઢ ગણાય તેવા રાજકીય આગેવાનો શહેનશાહ અકબર અને મહારાણા પ્રતાપની મહત્તાની ચર્ચા કરે તેમાં આક્રોશનું પ્રમાણ વધી જાય તે સ્વાભાવિક છે. ભારતના ગૃહપ્રધાન રાજનાથ સિંહ કે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી આદિત્યનાથનાં નિવેદનોમાં અભ્યાસ ઓછો અને આક્રોશ વધારે છે. પશ્ચિમના ઈતિહાસ લેખકો જગતના કેટલાક નાના-મોટા રાજવીઓ માટે મહાન શબ્દનો પ્રયોગ કરે છે. મેસિડોનિયાનો સિકંદર, ભારતનો અકબર, પ્રુશિયાનો ફ્રેડરિક, રશિયાની કેથેરાઈનના દાખલાઓ આપી શકાય. આ વ્યક્તિઓ માટે ગ્રેટ શબ્દનો વપરાશ યોગ્ય છે કે નથી તેની ચર્ચા ઈતિહાસના વિદ્વાનોમાં થતી રહે છે, પણ રાજવીઓનાં મૂલ્યાંકન ધર્મના આધારે થઈ શકે નહીં. રાજનાથ સિંહ અને યોગી આદિત્યનાથની શોકાંતિકા (ટ્રેજેડી) એ છે કે તેમની મૂર્ખાઈ પણ તેમની પોતાની મૌલિક મૂર્ખાઈ નથી. ભારતના ઈતિહાસમાંથી આઠસો વર્ષની મુસલમાની રાજવટને ભૂંસી નાખવી અને તમામ મુસલમાનોને ભારતીય રાષ્ટ્ર પર આક્રમણ કરનાર તરીકે વગોવવાનો અભિગમ સંઘપરિવારે પોતાના સમગ્ર જીવનકાળમાં અપનાવ્યો છે.

ભૂતકાળનો અભ્યાસ કરી શકાય અને તેના મૂલ્યાંકનમાં મતભેદ હોઈ શકે, પણ ભૂતકાળને ભૂંસી નાખવાનો પ્રયાસ હાસ્યાસ્પદ છે, નુકસાનકારી છે અને અશક્ય છે. મુસ્લિમ રાજવીઓને સાગમટે વખોડી કાઢવા અને સદીઓ સુધી દેશમાં વસનાર કોમના મોવડીઓને માત્ર આક્રમણખોર તરીકે ચીતરવા તે ઈતિહાસનો વિપર્યય છે, કારણ કે તે જમાનામાં દેશ કે રાષ્ટ્ર જેવી વિભાવના જ નહોતી અને મુસ્લિમ રાજવટને ભૂંસવાની મથામણ કરનારે અંગ્રેજી રાજવટનાં દોઢસો વર્ષ પણ ભૂંસી નાખવાં પડશે, કારણ કે અંગ્રેજો પણ આક્રમણથી જ ભારત પર પોતાનું પ્રભુત્વ સ્થાપી શક્યા.

ભારતીય ઈતિહાસનો એક કોયડો મને ત્રીસ વર્ષથી પજવે છે. દરેક વખતે દરેક આક્રમણકાર પરદેશી સામે આપણો પરાજય કેમ થયો? આપણે યવનો સામે હાર્યા, શકોએ આપણને હરાવ્યા, મુસ્લિમો સામે પછડાટ ખાધી, અંગ્રેજોએ આપણો પરાભવ કર્યો. લડાઈમાં હાર-જીત સ્વાભાવિક છે. એકાદ વખત પરાજય થાય, કોઈ વાર વિજય મળે. આપણને પરદેશીઓ સામે કદી વિજય મળ્યો જ નહીં. આવું કેમ થયું? શા માટે થયું તેનો જવાબ શોધવો જોઈએ.

આ સંખ્યાબળનો સવાલ નથી. સોમનાથ અને બીજાં મંદિરોને તોડનાર, લૂંટી લેનાર મહંમદ ગઝનીને વખોડવાની ફેશન થઈ પડી છે. છેક કાબુલથી સોમનાથ સુધી અજાણી ધરતી, અજાણી ભૂગોળ, અજાણી ભાષા, અજાણ્યો સમાજ છતાં મહંમદની સેના પહોંચી. તે જમાનામાં પાંચ-દસ હજારથી વધારે મોટી સેના રાખવી અને નિભાવવી શક્ય નહોતી.

આ સવાલનો એક જવાબ અકબરના દાદા અને જગતનો એક અજોડ ગણાય તેવા બાબરે પોતાની આત્મકથા ‘બાબરનામા’માં નોંધ્યો છે. આ જવાબ સાંભળવો ગમે તેવો નથી. બાબરે ભારત માટે બળાપો ઠાલવ્યો છે. ‘અલ્લાહે આટલો સરસ પ્રદેશ બનાવ્યો અને આટલા મૂરખ લોકોના હાથમાં સોંપી દીધો.’ બાબરે રાજવીઓની સેનાને બહાદુર પણ બેવકૂફ કહી છે. ‘આ સેનાનીઓ બહાદુરીથી, જીવ જતાં સુધી લડે છે, પણ તેમને લડાઈ કળાનું કશું જ્ઞાન નથી. પોતાના રક્ષણ માટે તેઓ ખાઈ ખોદતા નથી. થાકેલા સૈનિકોને રાહત આપવા માટે વધારાની ટુકડીઓ રાખતા નથી. તેઓ તલવાર ખેંચીને મારા સૈનિકો પર તૂટી પડે છે, પણ તેમની પાસે તોપ નથી અને મારી તોપ સો-બસો ગજના અંતરે તેમને સાફ કરી નાખશે તેનો તેમને ખ્યાલ પણ નથી.’

ભારતના કોઈ રાજવીએ આત્મકથા લખી જાણી નથી. ચીનમાં શોધાયેલા દારૂગોળાનો વપરાશ મધ્ય એશિયામાં થઈને તુર્કી સુધી પહોંચ્યો. આપણે કદી તેનો વપરાશ શીખ્યા નહીં. કાગળ જેવી સાદી ચીજ પણ મુસલમાનોએ આપણને શીખવી. ભારતમાં મોટી તોપ ગુજરાતના સુલતાન મહંમદ બીઘરો (બેગડો) લાવ્યો. તમિલનાડુના ચૌલ રાજવી રાજરાજેશ્વરે પહેલી વખત નૌકાદળ જમાવીને છેક મલેશિયા સુધી હાક જમાવી અને આખો દરિયાઈ વિસ્તાર ચૌલ સમુદ્રમ્ કહેવાયો, પણ ઉત્તરમાં સૌથી મજબૂત અને સૌથી મોટું નૌકાસૈન્ય મહંમદ બીઘરાએ જમાવ્યું અને દીવમાં તેનું થાણું નાખ્યું. તેના તોપચીઓ બધા તુર્કસ્તાનથી આવેલા અને દીવ બંદર ઉસ તુર્ક કહેવાતું. મુસલમાનો પોતાની દગાબાજી અને ક્રૂરતાને કારણે હિન્દુ રાજવીઓને હરાવી શક્યા. અંગ્રેજોએ કુટિલનીતિ અપનાવીને ભારતને કબજે કરી લીધું તેવાં બચાવનામાં, રાજવહેવાર અને યુદ્ધશાસ્ત્રનું સંપૂર્ણ અજ્ઞાન દર્શાવે છે. છેલ્લામાં છેલ્લી ઢબનાં શસ્ત્રોની જાણકારી અને તેનો વિકાસ કરવાનું આપણે કદી શીખ્યા નથી, આજે પણ શીખતા નથી. ચીનની મહાસમર્થ સેના અને તેના નૌકાદળનો સામનો ભારત કરી શકે તેવું માનવા કોઈ તૈયાર નથી. 1962નો નામોશીભર્યો પરાજય યાદ રાખવાના બદલે ભૂલી જવાની મથામણ કરીએ છીએ.

જે સમાજ પોતાની નબળાઈ અને પોતાની ભૂલો અંગે આત્મચિંતન કરતો નથી અને બીજાને ગાળો ભાંડવામાં જ બહાદુરી સમજે છે તેનો પરાજય નિશ્ચિત હોય છે, પણ આત્મસંશોધન અને ચિંતનની બાબતમાં તો ભારતીય વિચારકોની પરંપરા બહુ ઊજળી છે. સાહિત્ય, આધ્યાત્મ, સમાજશાસ્ત્ર, કાયદાબાજી, તર્કશાસ્ત્ર, વ્યાકરણ, ગણિતમાં આપણું પ્રદાન દુનિયાના બૌદ્ધિક વિકાસમાં મહત્ત્વનું ગણાય છે. દાક્તરી શાસ્ત્રનો વિકાસ પણ ઘણો થયો અને સ્થાપત્ય ક્ષેત્રે તો આપણી નામના થાય તેવા ઈલોરા કે સાંચીના સ્તૂપનો દરવાજો સહુએ વખાણ્યાં છે.

તો પછી રાજકીય અને લશ્કરી સામગ્રીની બાબતમાં આપણે પછાત કેમ રહ્યા તેનો જવાબ શોધવાનું કામ અતિશય અઘરું છે, પણ અતિશય મહત્ત્વનું છે બીજાને વગોવવાથી આપણે મહાન થવાના નથી.

અકબર અને રાણા પ્રતાપની સરખામણી શક્ય નથી. અફાટ વિસ્તારનો શહેનશાહ અને ટચૂકડા ચિત્તોડ રાજ્યના રાજવીને એક સ્તર પર કેવી રીતે મૂકી શકાય? રાણા પ્રતાપ વિશે આપણી પાસે ખાસ કશી માહિતી નથી અને પરાજિત યોદ્ધાની ઈતિહાસમાં કશી કિંમત હોતી નથી. સુલેહેકુલનો ખ્યાલ વિકસાવવા માટે અકબરે મુસ્લિમ, ઈસાઈ, હિન્દુ, જૈન ધર્મના આગેવાનોની ચર્ચાસભા યોજી. અનેક વિદ્વાનોને પોતાના દરબારમાં રાખ્યા. ભારતીય સંગીતમાં અવનવી પરંપરા ઊભી કરી. બાબરે જીતેલો નાનકડો મુલક હુમાયુએ ગુમાવી દીધા પછી અકબરે પાછો જીતી લીધો અને રાજવહીવટની એવી વ્યવસ્થા ગોઠવી કે મોગલ સામ્રાજ્ય ચારસો વર્ષ ટક્યું. અકબરે દાખલ કરેલી ખેતપેદાશની જમાબંદી આજની ઘડી સુધી ચાલે છે. આવું કશું રાણા પ્રતાપે કર્યું નથી. તદ્દન નિરક્ષર હોવા છતાં અકબર એટલો વિદ્વાન કે વાતચીતમાં સામા માણસને ખ્યાલ પણ ન આવે કે અકબરને લખતાં-વાંચતાં આવડતું નથી, પણ અકબર અપવાદરૂપ છે. મોગલ બાદશાહોના કુટુંબોમાં ઉચ્ચ શિક્ષણની પરંપરા લાંબી ચાલી. સ્ત્રીઓ પણ ભણેલી અને લેખિકાઓ પણ ખરી. જેને આપણે અતિશય વગોવીએ છીએ તે ઔરંગઝેબે કાયદા અને વહીવટ વિશે સ્થાપેલા નિયમો, ફતવાએ આતમગીર મુસ્લિમ કાયદાશાસ્ત્રમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને ઔરંગઝેબના મોટાભાઈ દારાશુકોહ તો અનેક ભાષાઓ અને ધર્મોનો

અનુસંધાન છઠ્ઠા પાને

# આપણું લોહી ઊકળી કેમ ઊઠતું નથી?

**વિહાર**
**કાના બાંટવા**

**દાળભાતિયા ગુજરાતીઓ ટટ્ટાર ઊભા રહેવાનું ભૂલી ગયા છે? શૌર્ય ઠંડું પડી ગયું છે? ભારતીયો ઢીલાં-પોચાં છે? આક્રોશ કેમ પેદા જ નથી થતો?**

કેમ? કેમ આપણું લોહી ઊકળી ઊઠતું નથી? ઠંડું પડી ગયું છે? ડર લાગે છે? નબળા પડી ગયા છીએ? થયું છે શું? એક ગુજરાતી તરીકે આપણું લોહી ઊકળી ઊઠતું નથી. જ્યારે અખિલેશ જેવો અદકપાંસળી, ગુજરાતીઓ શહીદ થતા નથી એવું કહી જાય છે. ભારતીય તરીકે લોહી ઊકળી ઊઠતું નથી જ્યારે પાકિસ્તાનીઓ આપણા જવાનોનાં માથાં કાપી જાય છે અને આતંકવાદીઓએ હત્યા કરેલા ફૌજી અધિકારીની અંતિમયાત્રા પર પથ્થરમારો થાય છે. માણસ તરીકે લોહી ઊકળી ઊઠતું નથી જ્યારે માનવતાને નેવે મૂકવામાં આવે છે. કાં તો આપણું લોહી ગરમ થવાનું ભૂલી ગયું છે અને કાં એમાં તાકાત જ નથી રહી. બાકી મજાલ શું છે મુઠ્ઠીભર આતંકવાદીઓ કે નકસલવાદીઓની કે સવા અબજથી વધુ વસ્તીના દેશમાં હાહાકાર મચાવી શકે?

પહેલી વાત આપણી ગુજરાતીઓની એક છાપ છે, ગુજરાતીઓ ઢીલાં, પોચાં, નબળાં, મોળાં હોવાની, બીકણ-ફોસી હોવાની, ગુજરાતી માર્શલ જાતી નથી એવું મેણું છે. ગુજરાતમાં શૌર્ય નથી, બુદ્ધિ છે એવું સ્થાપિત થઈ ગયું છે. બધી માન્યતાઓ માત્ર છે અને આપણે માન્યતાઓ સાચી સાબિત થાય એવા કામ કરતા રહીએ છીએ. અખિલેશ નામનો ઉત્તરપ્રદેશમાં ભૂંડા હાલે હારેલો માણસ જ્યારે કહે કે ગુજરાતમાંથી શહીદ થતા નથી, ત્યારે સરેરાશ ગુજરાતીના પેટનું પાણી પણ હલતું નથી. રાજકીય પક્ષોના પ્રયત્નોથી કોઈ વિદ્યાર્થી પાંખ કે યુવાનોનાં કોઈ સંગઠનો અખિલેશનાં પૂતળાં બાળે એનાથી વાત પૂરી થઈ જાય છે, પણ અખિલેશના વિરોધમાં સામાન્ય ગુજરાતીઓ રસ્તા પર નીકળી આવ્યા હોય એવું ન બન્યું. બનતું જ નથી ગુજરાતમાં આવું. ગુજરાતને કે ગુજરાતીને કે ગુજરાતીપણાને કે ગુજરાતી અસ્મિતાને કોઈ ગાળો દઈ જાય ત્યારે ગુજરાત અને ગુજરાતીઓ વેખલની જેમ હસતાં હસતાં એ ગાળો સાંભળી લે છે. ગુજરાતના કોઈ મહાપુરુષ, ખાસ કરીને ગાંધીજીની કોઈ મજાક ઉડાવે, તેને ગાળો દે તો આપણે સાંભળી લઈએ છીએ. કોઈ મરાઠાની હાજરીમાં શિવાજી વિશે ઘસાતું બોલી જોજો. પહેલાં તો એ શિવાજીને છત્રપતિ શિવાજી કહેવડાવશે. ભલું હશે તો પાછળ મહારાજ પણ લગાવડાવશે. આજથી વીસ-બાવીસ વર્ષ પહેલાં અમારે ત્યાં સમકાલીનમાં એક મરાઠી પટાવાળો હતો. ઠાકરે અથવા કોઈ મરાઠી મહાનુભાવ વિશે જરા પણ ઘસાતું બોલાય તો તે ઊભો થઈ જતો. ત્યારે તેને નોકરી કરતાં મરાઠીપણું વધુ વહાલું લાગતું અને અમને પણ એ માણસનો પોતાના પ્રદેશ, પોતાની ભાષા પ્રત્યેનો પ્રેમ ગમતો. દરેક પ્રદેશ-વિસ્તારના લોકોને પોતાના રાજ્ય કે પ્રદેશનું ગૌરવ હોય છે. ગુજરાતીઓને નહીં હોય? જો હોય તો અખિલેશ સામે કેમ કોઈ બહાર આવ્યું નહીં? તો જ્યારે આખી દુનિયા 2002 પછી ગુજરાતને ગાળો દેતી હતી ત્યારે કેમ ગુજરાતી પ્રજા બહાર આવી નહીં, વિરોધ કરવા માટે?

ગુજરાતીઓ ફોજમાં ઓછા છે? કેમ ઓછા છે? ગુજરાતી મેન્ટાલિટી. જોખમનું કામ કરવા કરતાં અહીં અડધો રોટલો ખાવો સારો. લડવામાં તો લાગી જાય, લોહી નીકળે, શહીદ થઈ જવાય. ઓછામાં ઓછો ખતરો હોય તે પસંદ કરવાની ગુજરાતી માનસિકતા ફોજમાં ઓછા ગુજરાતીઓ હોવા પાછળનું કારણ છે, પણ એકમાત્ર કારણ નથી. બીજું મહત્ત્વનું કારણ છે સમૃદ્ધિ, પૈસો. ગુજરાતમાં સરેરાશ નાગરિક સારું કમાઈ લે છે. ફોજના પગારથી તો ઘણું બધું, જે ગુજરાતીઓ સૈન્યમાં જાય છે તેમાંના મોટાભાગના વખાના માર્યા જાય છે અને ગુજરાતીઓ સૈન્યમાં બહુ નથી હોતા એ કોઈ મેણું નથી. સમસ્યા નથી, પણ ગુજરાતીઓમાં શૌર્ય નથી એવું કોઈ કહે તો એ મેણું છે અને એવું કહેનારને જવાબ ન આપવો એ નામર્દાઈ છે, બાયલાપણું છે અને ગુજરાતીઓ નામર્દ નથી. ગુજરાતી જાતિ નબળી નથી. ગુજરાતી જાતિ પોતાની ક્ષમતા ભૂલી ગઈ છે. પોતાની તાકાત વિસરી ગઈ છે. ગુજરાતીઓએ ટટ્ટાર ઊભા રહેતાં શીખવું પડશે. અખિલેશ જેવાઓની સામે ઝૂક્યા કરતાં તૂટી જવાનું ફાવશે એવું કહેવાની હિંમત કેળવવી પડશે. આપણે દાળભાતિયા તરીકેની ઓળખ બદલવી પડશે. દાળભાત ખાનાર પણ જોમ, જુસ્સો, બહાદુરી, શૌર્યથી ભરપૂર હોઈ શકે એ સાબિત કરવું પડશે. આખા ભારતમાં સિંહ માત્ર ગુજરાતમાં જ છે. ગુજરાતીઓમાં એ સિંહની છાતી અને એ પરાક્રમ છે એ બતાવવું પડશે.



હવે વાત કરીએ ભારતીય તરીકેની. પાકિસ્તાનીઓ જવાનોનાં માથાં કાપી જાય, કાશ્મીરમાં જવાનોને ધક્કે ચડાવાય, લાત-મુક્કા મારવામાં આવે, પથ્થરમારો થાય અને આખું ભારત જોતું રહે, સહન કરતું રહે. આ અહિંસા નથી, નબળાઈ છે. પાકિસ્તાનને જવાબ આપવો જરૂરી છે અને એ માટે આખો દેશ એક હોવો જરૂરી છે. ભારતીય જવાનનું માથું પાકિસ્તાની શેતાન, કુહાડીથી કાપે એ વીડિયો ક્લિપ ભલે તે સાચી હોય કે ખોટી, જોઈને આપણે જાણે ફિલ્મનો કોઈ સીન જોયો હોય તેમ તેને ફોરવર્ડ કરી દઈએ છીએ. આપણે જરાય વિચલિત થતા નથી. આપણું દિલ આક્રોશથી ભરાઈ જતું નથી. આપણે વિરોધ કરવાનું વિચારતા સુધ્ધાં નથી. કેમ? સરહદ પર જે જવાન પોતાનો જીવ દે છે તે મારા અને તમારા માટે પ્રાણ ન્યોછાવર કરે છે. આપણી સલામતી માટે. આપણે શાંતિથી જીવી શકીએ તે માટે અને આપણે

અનુસંધાન છઠ્ઠા પાને

**નીલે ગગન કે તલે**
**મધુ રાય**



# ‘નાઈફ ૨૦૧૭’

## રોંગ સાઈડ રાજુ ફિલ્મમાં જુદા જુદા હિંમતબાજ લોકોએ બનાવેલા અસંગત ટુકડાઓ જોડાયેલા છે

સૌથી પહેલાં પ્રતીકબાબુને હસ્તમર્દન. પછી તે હસ્તમાં એક તાળી. ‘નાઈફ’ મીન્સ કે ન્યુ યોર્ક ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવાલ (NYIFF 2017)માં પ્રસ્તુત નેશનલ એવોર્ડ વિજેતા ‘રોંગ સાઈડ રાજુ’ ફિલ્મે મનહર-દેસાઈ-નિરૂપા-રાયથી માંડીને પાઘડીવાળાં ગુજરાતી ચલચિત્રોના કૂપમાંથી છલાંગ મારીને ઈન્ટરનેશનલ નકશામાં પોતાની ટાંકણી ખોસી દીધી છે. જયેશ મોરે, આસિફ બસરા, કવિ શાસ્ત્રી, પુનીવાલા, ફોરેનની લડકી બધું સુપર ફાઈન, સરકારી વકીલ સાહબ સિદ્ધાર્થ રાંદેરિયા અફલાતૂન, ગરબાનો ડાન્સ, તેનું સોંગ, કલરિંગ કોશ્ચ્યુમ્સ, ભાઈ વાહ! પણ આ સર્વની કરોડરજ્જુ છે પ્રતીક ગાંધી. વિધવિધ મજમૂનોથી છિતરાયેલા આ ચલચિત્રની મંડળીના મગજમાં નવું કશુંક કરવાની આગ ભડકા મારતી દર્શાય છે. ગુજરાતી ભાઈબહેનોને ભલામણ કે ગો સી ધિસ ફિલ્મ, જસ્ટ ફોર ગ્રેટ ફન.

હવે બે કડવા બોલ: આ ફિલ્મમાં જુદા જુદા હિંમતબાજ લોકોએ બનાવેલા અસંગત ટુકડાઓ જોડાયેલા છે. સીને સીને નઠારા જોક્સ, પોલીસખાતાની કૂકી-કટર રજૂઆત, બદમાશ માલદારોની તુમાખી, બિગડે દિલ શહજાદેની સીનાજોરી, લવરોની પ્રિડિક્ટેબલ ક્વારલો, હીરોનું ભોલાપન, સાઈડ કિક્સની બટકબોલાઈ, નાજનીન હીરોઈનની માસૂમિયત વગેરે પૂર્વે જોયેલાં છે, છેલ્લી મિનિટોનો હેરપિન ટર્ન ફિલ્મના હેંહે લાલા લહેરીપણા સાથે બંધબેસતો નથી. તે ટર્નમાં અપાયેલી સમજૂતીમાં છિદ્રો છે.

હાલાંકિ પૂર્વે જે જોયું નથી તે ગુજરાતી ફિલ્મોમાં આવી મીસ્ટરી ઈસ્ટોરી! એવો હેરપિન ટર્ન લાવવાની ડેરિંગ હવે ગુજરાતી ફિલ્મોવાલાઓને આવે છે, તે હકીકત, તે બીના, મહાઉત્તેજક છે, હેલો! ખુરશીમાંથી ઊભા કરી દે તેવી હર્ષજનક છે. સસ્પેન્સ થ્રિલરો ગગનવાલાનો આહાર છે. અને હેલો. હેલો! ભાઈ અભિષેક, ભાઈ મિખિલ, ભાઈ અનુરાગ, કરન, નીરેન આદિની મંડળીને માલમ થાય કે હમોએ ભી ફાઈન ફાઈન ગુજરાતી થ્રિલર્સો લખેલાં છે, જેમાં ઈશ્કેટાઈટ હેરપિન ટર્નો ભી છે ને લવર્સો છે, રોમાન્સો છે, જોક્સો છે, ને ગુજરાતી લેન્ગવેજની ભુરકીઝો ભી છે. એક માડીજાયાએ હમારી એક કહાણીનો ફિલ્મમાં કચ્ચરઘાણ કરી નાખ્યો છે; ને હવે કોઈ બીજો માઈનો લાલ આંતેડી ઠારે તો, યુ નોવ, ફીલ ગુડ થાય. કોઈ વાર ટાઈમ પાસ માટે ગ્રંથાલયની મુલાકાત લેશોજી. પૈસા બૈસાનું પછી સમજી લેશું, યાહ?

હશે; તો ન્યુ યોર્કમાં ગુજરાતી થ્રિલરની આટલી લવલી સ્ટોરી જોઈને, તેમજ નાટકમાં બક્ષીગીરી પ્લસ ફિલ્મમાં પણ પ્રતીકબાબુની આવી ફનકારી જોઈને, ગગનવાલા લગીર લવારીએ ચડી ગયા. સોરી. આઠ દહાડાના આ ફિલ્મુત્સવમાં સાત થિયેટર્સમાં 43 ફિલ્મ-શો હતા. સંજોગોના કારણે

અનુસંધાન છઠ્ઠા પાને

સુપ્રસિદ્ધ કાલિકા ઉપાસક
7436005014

સિદ્ધ તાંત્રિક બાપુ
8739992145

ખોડલ માં જ્યોતિષ
9978725143

સાંઈ સિદ્ધિ એસ્ટ્રોલોજર
M-9662225151

તંદુરસ્તી માટે... નેચરલ પ્રોટીન
RENTIO
નેચરલ પ્રોટીનથી ભરપૂર
મિનરલ્સ યુક્ત
કોલેસ્ટ્રોલ ફ્રી
E-mail: info@rentiofoods.com
www.rentiofoods.com

Pooja Astrology
www.poojaastrology.co.in
Toll Free No. : 1800 3002 8169

શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહૂર
M: 99246 34078

રાજ સાંઈ જ્યોતિષ
9979729862